અનુસૂચિત જનજાતિના યુવાઓને બાંધકામ તથા કૃષિ ક્ષેત્રે મોટા કદના મશીનો ખરીદવા માટે બેંકમાંથી લીધેલ લોન સામે વ્યાજ સહાય આપવા અંગેની **સને ૨૦૨૪-૨૫ની નવી બાબત.**

ગુજરાત સરકાર
આદિજાતિ વિકાસ વિભાગ
ઠરાવ ક્રમાંક: TDD/NEW/e-file/25/2024/0012/GH
સચિવાલય, ગાંધીનગર.

**વંચાણે લીધા :-**

(૧) ગુજરાત આદિજાતિ વિકાસ કોર્પોરેશનનો તા: ૦૩/૦૧/૨૦૨૪ ઈ-સરકારનો પત્ર ક્રમાંક નં:GTDC/NEWITEM/e-file/336/2024/0024/Loan

**પ્રસ્તાવના:-**

ગુજરાત આદિજાતિ વિકાસ કોર્પોરેશન દ્વારા અનુસૂચિત જનજાતિના લોકોને આર્થિક રીતે પગભર થવા માટે વિવિધ યોજનાઓ હેઠળ તેઓના આર્થિક ઉત્કર્ષ માટે જુદી જુદી યોજનાઓ દ્વારા ધિરાણ કરવામાં આવે છે. ગુજરાત રાજ્યમાં વસતાં અનુસૂચિત જનજાતિના વિસ્તારોમાં બાંધકામ ક્ષેત્રે, કૃષિ ક્ષેત્રે જરૂરી સાધનો જેવા કે ઓટોમેટિક હાઇડ્રોલિક ઇંટ બનાવવાનું મશીન , કોંક્રિટ બ્લોક બનાવવાનું મશીન, ડીઝલ એન્જિન, કોંક્રિટટ્રાન્ઝિટ મિક્સર, હેવી ડ્યુટી કોંક્રિટકટીંગ મશીન, ડિઝલ જનરેટર, કૃષિ ક્ષેત્રે સ્પ્રે માટે વપરાતા ડ્રોન, વેલ્ડીંગમશીન, 5 HP કોંક્રિટપાવરટ્રોવેલ, JCB જેવા મોટા કદના મશીનો માટે બેંક માંથી મેળવેલ લોન સામે વ્યાજ સહાય આપી સહાનુભૂત થઈ શકાય તેમ છે. ગુજરાત રાજ્યના આદિવાસી વસ્તી ધરાવતાં ૧૪ જિલ્લાઓમાં મુખ્યત્વે કૃષિ ક્ષેત્રે વધુને વધુ પ્રગતિ થાય તથા અન્ય આનુષંગિક પ્રવૃત્તિઓ, બાંધકામ વગેરે દ્વારા સર્વાંગી વિકાસ થાય અને આદિજાતિના યુવાનોમાં પહેલવૃત્તિ વિકસે તે હેતુથી તેમજ આદિજાતિના લોકો આ ક્ષેત્રે વ્યવસાય કરી પોતાનું જીવનધોરણ ઉંચુ લાવી શકે તે માટે વંચાણે લીધા ક્રમાંક (૧) થી કાર્યપાલક નિયામકશ્રી, ગુજરાત આદિજાતિ વિકાસ કોર્પોરેશન દ્વારા આવા અરજદારોને બેંકમાથી લીધેલ લોન સામે સહાય આપવાની દરખાસ્ત અત્રે કરવામાં આવેલ હતી. જેને મંજૂરી આપવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:-**

પુખ્ત વિચારણાને અંતે ગુજરાત રાજ્યના અનુસૂચિત જનજાતિની વસ્તી ધરાવતા વિસ્તારમાં કુલ:-૩૦ લાભાર્થીઓને આવરી લેતાં બાંધકામ તથા કૃષિ ક્ષેત્રે મોટા કદના મશીનો/વાહનો ખરીદવા માટે રૂ.૩૫.૦૦ લાખની મર્યાદામાં બેંકમાંથી લીધેલ લોન સામે વધુમાં વધુ ૯% વ્યાજ સહાય પ્રમાણે લાભાર્થી દીઠ રૂ.૧૭.૫૦ લાખ (અંકે રૂપીયા સત્તર લાખ પચાસ હજાર પુરા)ની મર્યાદામાં કુલ-૩૦ લાભાર્થીઓના રૂ.૫૨૫.૦૦ લાખ અને ૫% વહીવટ ખર્ચ રૂ.૨૬.૦૦લાખ મળીને કુલ રૂ.૫૫૧.૦૦ લાખની સને ૨૦૨૪-૨૫ની નવી બાબતને નીચેની શરતોને આધીન આથી વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

**હેતુ:-**

આ યોજનાનો મુખ્ય હેતુ ગુજરાત રાજ્યના આદિવાસી વસ્તી ધરાવતા ૧૪ જિલ્લાઓમાં મુખ્યત્વે કૃષિ ક્ષેત્રે વધુને વધુ પ્રગતિ થાય તથા અન્ય આનુષંગિક પ્રવૃતિઓ, બાંધકામ વગેરે દ્વારા સર્વાંગી વિકાસ થાય અને આદિજાતિના યુવાનોમાં પહેલવૃત્તિ વિકસે અને આદિજાતિના લોકો આ ક્ષેત્રે વ્યવસાય કરી પોતાનું જીવનધોરણ ઉંચુ લાવી શકે તે છે.

**કમિટીનું ગઠન:-**

આ યોજના હેઠળ જિલ્લા કક્ષાએ નીચે મુજબની કમિટીની ભલામણ સાથે ગુજરાત આદિજાતિ વિકાસ કોર્પોરેશન ખાતે દરખાસ્ત કરવાની રહેશે.

| | | |
|---|---|---|
| ૧ | જિલ્લા કલેક્ટર | અધ્યક્ષ |
| ૨ | પ્રાયોજના વહીવટદાર | **સભ્ય સચિવ** |
| ૩ | કાર્યપાલક ઈજનેરશ્રી (માર્ગ અને મકાન), સબંધિત જિલ્લો | સભ્ય |
| ૪ | ખેતીવાડી અધિકારી (સબંધિત જિલ્લો) | સભ્ય |
| ૫ | જે તે વિષયના તજજ્ઞ | આમંત્રિત સભ્ય |

**શરતો:**

(૧) ગુજરાત રાજ્યના વતની હોય તેવા અનુસૂચિત જનજાતિના લોકોને યોજનાનો લાભ મળવાપાત્ર થશે. અન્ય રાજ્યના અનુસુચિત જનજાતિના લોકોને આ યોજનાનો લાભ મળવાપાત્ર નથી.

(૨) સદર યોજનાનો લાભ મેળવવા માટે લાભાર્થીશ્રી દ્વારા ગુજરાત રાજ્યના અનુસૂચિત જનજાતિ અંગેનું પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે.

(૩) અરજદારે બેંકમાથી લોન મેળવેલ છે તે અંગેના આધાર-પુરાવા તેમજ ગુજરાત આદિજાતિ વિકાસ કોર્પોરેશન દ્વારા નિયત કરવામાં આવેલ દસ્તાવેજોની યોગ્ય ચકાસણી કર્યા બાદ પ્રાયોજના વહીવટદારશ્રીએ ભલામણ સાથે ગુજરાત આદિજાતિ વિકાસ કોર્પોરેશન, ગાંધીનગર ખાતે મોકલી આપવાના રહેશે.

(૪) અરજદારે JCB જેવા વાહનોની ખરીદી કરેલ હોય તો તે અંગેના આધાર પુરાવા જેવા કે રજીસ્ટ્રેશનની કોપી વગેરે રજુ કરવાના રહેશે.

(૫) બાંધકામ/કૃષિ ક્ષેત્ર માટેનિ મશીનરી/સાધનો અરજદાર દ્વારા ખરીદેલ હોય તો તે અંગેના તમામ આધાર પુરાવા રજુ કરવાના રહેશે.

(૬) અરજદાની અરજી માટેના નિયત નમુના, ચેક લિસ્ટ અને અન્ય કાર્યપદ્ધતિ ગુજરાત આદિજાતિ વિકાસ કોર્પોરેશન દ્વારા નક્કી કરવાની રહેશે.

(૭) સદર યોજના અંતર્ગત વ્યાજ સહાય મેળવવા અરજદારે બેંકમાં ભરેલ લોનના હપ્તાનું વાર્ષિક બેંક સ્ટેટમેંટ સામે બેંકનું તે મતલબનું પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે. વ્યાજ સહાય ચુકવણીની રકમ બેંક લોનના સમગ્ર સમયગાળા દરમિયાન મશીનો/વાહનોની મૂળ કિંમતના ૫૦%થી વધુ નહિ અથવા ખરેખર જે વ્યાજ ચુકવવાનું થાય છે તે અથવા રૂ.૧૭.૫૦ લાખની મર્યાદામાં આ ત્રણેયમાંથી જે ઓછું હોય તે ચુકવવાપાત્ર થશે.

(૮) બેંક લોન વધુમાં વધુ ૦૮-વર્ષ માટે લેવાની રહેશે. જે-તે સાધનો માટે કેટલા વર્ષ માટે બેંક લોન માટે અરજી કરવાની રહે તે અંગેના ધારા-ધોરણો નિગમ દ્વારા અલગથી નિયત કરવા વિચારણા કરવાની રહેશે.

(૯) આદિજાતિ વિભાગ દ્વારા ચાલતા અલગ અલગ હેતુ માટેના વોકેશનલ ટ્રેનિંગ સેંટરમાં JCB કે અન્ય સંલગ્ન હેતુ માટે તાલીમ લીધેલ હોય તેવા લાભાર્થીઓને પ્રાધાન્ય આપવામાં આવશે.

(૧૦) આ યોજના હેઠળ લાભાર્થીને એક જ વાર લાભ મળી શકશે. તેમજ સહાયની રકમ Direct Beneficiary Transfer (DBT) દ્વારા અરજદારશ્રીને સીધી ચુકવવાની રહેશે.

(૧૧) પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાંકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઈ કરાવી લેવાની રહેશે.

(૧૨) આ અંગેનો ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો પરિપત્રો અને નિયમોની જોગવાઇઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

(૧૩) આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

(૧૪) આ મંજુરી અન્વયે ફાળવેલી ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહિ.

(૧૫) આ યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૧૬) આ મંજૂરી અન્વયે કરવાની થતી ખરીદી અંગે રાજ્ય સરકારની પ્રવર્તમાન ખરીદ નીતિની જોગવાઇઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૧૭) આ મંજૂરી અન્વયે ફાળવેલી ગ્રાન્ટનો રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો પરિપત્રો અને નિયમોની જોગવાઈઓ મુજબ **UC** (**Utilization Certificate**) મોકલી આપવાના રહેશે.

(૧૮) આ યોજના હેઠળ ખર્ચ તા.૦૧/૦૪/૨૦૨૪ થી કરવાનો રહેશે.

(૧૯) આ યોજના હેઠળ નિયત થયેલ લાભાર્થીઓની મર્યાદામાં જ તેમજ અંદાજપત્રિય જોગવાઈની મર્યાદામાં જ સહાય ચુકવવાની રહેશે. કોઈપણ સંજોગોમાં આ યોજના હેઠળ નિયત નાણાકિય મર્યાદા અને લાભાર્થીની સંખ્યા વધે નહી તે મુજબનું આયોજન કરવાની તકેદારી વિભાગે રાખવાની રહેશે.

(૨૦) આ યોજનાનો અમલ ગુજરાત આદિજાતિ વિકાસ કોર્પોરેશન નોડલ એજન્સી મારફતે કરવાનો રહેશે.

(૨૧) પારદર્શક પ્રક્રિયા અનુસરી લાભાર્થીની પસંદગી કરવાની રહેશે.

(૨૨) ઓનલાઈન અરજી કરવાનું અને મંજૂરી આપવાનું પ્રાવધાન રાખવાનું રહેશે.

(૨૩) સાધન અથવા કીટ આપવાના કિસ્સામાં ખરીદી ગવર્નમેન્ટ ઈ-માર્કેટપ્લેસ (GeM) પોર્ટલ મારફતે કરવા તેમજ ખરીદ પધ્ધતિ મુજબની ખરીદી માટેની સુચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. તથા તે મુજબ ખરીદી કરવાની રહેશે. પરંતુ જે વસ્તુઓ GeM Portal પર ઉપલબ્ધ ન હોય એવી વસ્તુઓની ખરીદી માટે ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૦૧/૧૦/૨૦૧૮ ના ઠરાવ મુજબ ઉદ્યોગ અને ખાણ વિભાગ પાસેથી ના વાંધા પ્રમાણ પત્ર (No Objection Certificate) મેળવ્યા પછીજ ખરીદી કરવાની રહેશે. ત્યારબાદ વખતો વખત થયેલ સુધારાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.સાધન/ કીટની ગુણવતા સુનિશ્ચિત કરવાની રહેશે.

(૨૪) આ યોજનાને DBT Portal ઉપર ફરજીયાત નોંધવાની રહેશે.

(૨૫) C.M Dash Board સાથે યોજના Link કરવાની રહેશે.

(૨૬) યોજનાના મોનીટરીંગની યોગ્ય વ્યવસ્થા કરવાની રહેશે.

(૨૭) Social Audit અને Third party Verification પણ સમયાંતરે કરાવી સરકારશ્રીને રજુ કરવાનું રહેશે.

(૨૮) યોજનાકીય મેનપાવરની મર્યાદામાં જ ખર્ચ કરવાનો રહેશે.

(૨૯) કેન્દ્ર સહાયિત યોજનામાં ફંડ કેન્દ્ર સરકાર ફાળવે તે મુજબ જ યોજનાકીય લાભ લાભાર્થીને આપવાનો રહેશે.

(૩૦) પ્રવર્તમાન યોજનાના નોર્મ્સ અને સહાયની રકમોમાં જો ફેરફાર કરવાનો થતો હોય તો તે અંગે રાજ્ય સરકારના આદેશો મેળવી લેવાના રહેશે.

(૩૧) આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ જે તે વર્ષની અંદાજપત્રીય જોગવાઈને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાંટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૩૨) સદર વહીવટી મંજુરી અન્વયે સતત ત્રણ વર્ષ સુધી ખર્ચ ન થાય તો આ વહીવટી મંજુરી આપોઆપ રદ ગણાશે.

આ અંગેનો ખર્ચ વર્ષ ૨૦૨૪-૨૦૨૫ના અંદાજપત્રમાં માંગણી ક્રમાંક: ૯૬, મુખ્ય સદર-૨૨૨૫ અનુસૂચિત જનજાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ અને અન્ય પછાત વર્ગોનું કલ્યાણ, પેટા મુખ્ય સદર - ૦૨ અનુસૂચિત આદિજાતિઓનું કલ્યાણ, ગૌણ સદર - ૭૯૬ આદિજાતિ વિસ્તાર પેટા યોજના, પેટા સદર– (૧૭) વી.કે.વાય.-૨૬- આદિજાતિના લાભાર્થીઓને જુદી જુદી વ્યવસાયિક / શૈક્ષણિક પ્રવૃત્તિઓ માટે નાણાંકીય સહાય હેઠળ ચાલુ નાણાકીય વર્ષની જોગવાઈમાંથી મેળવવાનો તેમજ ઉધારવાનો રહેશે,

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ ઉપર નાણાં વિભાગની તા.૧૩/૦૩/૨૦૨૪ની મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(પી.એમ.પટેલ)
ઉપ સચિવ
આદિજાતિ વિકાસ વિભાગ

**નકલ રવાના: -**

- માન, રાજ્યપાલશ્રીના અગ્રસચિવશ્રી, રાજભવન, ગાંધીનગર. (પત્ર દ્વારા)
- માન.મુખ્ય મંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર,
- માન.મંત્રીશ્રી (આ.વિ) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી (આ.વિ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રીના અગ્ર રહસ્ય સચિવશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, (ખર્ચ)ના રહસ્ય સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાણા સલાહકારશ્રી (આ.વિ.), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- કમિશ્નરશ્રી, આદિજાતિ વિકાસ, બિરસામુંડા ભવન, સેક્ટર-૧૦/એ, ગાંધીનગર.
- કાર્યપાલક નિયામકશ્રી, ગુજરાત આદિજાતિ વિકાસ કોર્પોરેશન, બિરસામુંડા ભવન, સેક્ટર-૧૦/એ, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ રાજકોટ,.
- નિવાસી ઓડીટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર,
- જિલ્લા તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર.
- સેક્શન અધિકારીશ્રી, બજેટ શાખા, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર

Signature Not Verified
Signed by:Mrs. P M Patel
Under Secretary
Date: 2024.03.15
18:29:59 +05:30


Open the document in Adobe Acrobat DC to verify the E-sign

- સિસ્ટમ મેનેજર, આદિજાતિ વિકાસ વિભાગ, વેબસાઈટ ઉપર મુકવા વિનંતી સહ
- સિલેક્ટ ફાઈલ.

Signature Not Verified
Signed by:Mrs. P M Patel
Under Secretary
Date: 2024.03.15
18:29:59 +05:30


*Open the document in Adobe Acrobat DC to verify the E-sign*